**કમિશ્નર, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગુજરાત રાજય, ગાંધીનગર હસ્તકની આદર્શ નિવાસી શાળાઓ માટે ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં " મદદનીશ શિક્ષક વર્ગ-૩ (ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ) " ની કરાર આધારીત ફીકસ પગારથી ઓનલાઇન ભરતી અંગેની જાહેરાત.**

કમિશ્નર, આદિજાતિ વિકાસ, (ગુ.રા.) ગાંધીનગર હસ્તકની સરકારી આદર્શ નિવાસી શાળાઓ માટે ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં " **મદદનીશ શિક્ષક વર્ગ-૩ (ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ)** " ની નીચે જણાવેલ વિષયની ૪૫ ખાલી જગ્યાઓ પ્રવર્તમાન નિયમો મુજબ પાંચ વર્ષ માટે માસિક રૂા.૧૩,૭૦૦/- ફીકસ પગારથી સીધી ભરતીના ધોરણે ભરતી કરવા માટે ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

| વિષય | જગ્યા ની કુલ સંખ્યા | જાતિવાર ભરવાની થતી અનામત જગ્યાઓની વિગત | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અનુ.જાતિ | | અનુ.જનજાતિ | | સા.શૈ.પ.વ. | | બિન અનામત | | કુલ | |
| | | પુરૂષ અથવા મહિલા | મહિલા | પુરૂષ અથવા મહિલા | મહિલા | પુરૂષ અથવા મહિલા | મહિલા | પુરૂષ અથવા મહિલા | મહિલા | પુરૂષ અથવા મહિલા | મહિલા |
| ગણિત | ૦૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૨ | ૧ | ૩ | ૧ |
| અંગ્રેજી | ૦૯ | ૦ | ૦ | ૧ | ૦ | ૨ | ૧ | ૩ | ૨ | ૬ | ૩ |
| ભૌતિક વિજ્ઞાન | ૦૮ | ૧ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૩ | ૧ | ૬ | ૨ |
| રસાયણ વિજ્ઞાન | ૦૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૩ | ૧ | ૪ | ૨ |
| જીવ વિજ્ઞાન | ૧૮ | ૧ | ૦ | ૨ | ૦ | ૩ | ૨ | ૮ | ૨ | ૧૪ | ૪ |
| કુલ | ૪૫ | ૨ | ૦ | ૩ | ૦ | ૯ | ૫ | ૧૯ | ૭ | ૩૩ | ૧૨ |

**શૈક્ષણિક અને અન્ય લાયકાત :**

૧. માન્ય યુનિવર્સિટી કે શૈક્ષણિક સંસ્થાના સંબંધિત વિષયની અનુસ્નાતકની ડીગ્રી ધરાવતા હોવા જોઇએ અને માન્ય યુનિવર્સિટી કે શૈક્ષણિક સંસ્થાના તાલીમી સ્નાતકની ડીગ્રી ધરાવતા હોવા જોઇએ.

૨. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દવારા લેવામાં આવતી ટીચર્સ એપ્ટીટયુડ ટેસ્ટ (TAT) ની પરીક્ષા ૫૦ ટકા કે તેથી વધુ ગુણ સાથે પાસ કરેલ હોવા જોઇએ. (TAT) ની પરીક્ષાના મેળવેલ ગુણ પ્રથમ પરિણામની તારીખથી પાંચ વર્ષ સુધી જ માન્ય ગણાશે. તેમજ પ્રથમ પ્રયત્નના પરિણામની તારીખથી પાંચ વર્ષની મુદતની અંદર (TAT) માટેના બીજા અથવા ત્રીજા ક્રમિક પ્રયત્ન કરેલ ઉમેદવારના કિસ્સામાં તેવા પ્રયત્નોમાં મેળવેલા ગુણના સરેરાશ ગુણને પસંદગી યાદી તૈયાર કરવા માટે ધ્યાનમાં લેવામાં આવશે.)

૩. કોમ્પ્યુટરનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

૪. ગુજરાતી અથવા હિન્દી અથવા બન્ને ભાષાનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

**વયમર્યાદા :**

અરજદારની મહત્તમ વય મર્યાદા જાહેરાતની તારીખે ૩૪ વર્ષથી વધુ ન હોવી જોઇએ. તેમ છતાં હાલમાં સરકારી નોકરીમાં ચાલુ હોય તેવા ઉમેદવારો, અનામત વર્ગો, મહિલાઓ તથા શારિરીક રીતે અશકતતા ધરાવતા તથા માજી સૈનિકો માટે ઉપલી વયમર્યાદામાં સરકારશ્રીના નિયમો અનુસાર છૂટ મળવાપાત્ર રહેશે.

* ઉપરોકત ભરવાની થતી ૪૫ જગ્યાઓ પૈકી ૦૧ જગ્યા (૦૧ જગ્યા LV- Low vision મોડરેટ અથવા ૦૧ જગ્યા HH - Hearing handicapped મોડરેટ) શારિરીક રીતે અશકતતા ધરાવતા ઉમેદવારથી ભરવાની રહેશે. આ પ્રકારની કેટેગરીના વિકલાંગ ઉમેદવાર ન મળે તો અન્ય કેટેગરીના વિકલાંગ ઉમેદવારથી જગ્યા ભરી શકાશે.

* ઉપરોકત ભરવાની થતી ૪૫ જગ્યાઓ પૈકી માજી સૈનિકો માટે ૧૦ ટકા અનામત પ્રમાણે અગાઉની કેરી ફોરવર્ડ તેમજ હાલની ભરતી અન્વયેની મળીને કુલ ૦૮ જગ્યાઓ માજી સૈનિક ઉમેદવારથી ભરવાની રહેશે.

* ઉમેદવારે આ ખાતાની વેબસાઇટ www.ctdrecruitment.com ઉપર આ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ઓનલાઇન અરજી કરવાની રહેશે. તેમજ તેની પ્રિન્ટ કાઢી લેવાની રહેશે. અરજી મોકલવા માટે આ વેબસાઇટ તા.૧૦/૯/૨૦૧૫ ના સાંજના ૧૭.૦૦ કલાક સુધી જ ચાલુ રહેશે. આ અંગેની વધુ જાણકારી/ વિગતો વેબસાઇટ www.ctdrecruitment.com પરથી મેળવી લેવાની રહેશે.

સભ્ય સચિવ
(આ.નિ.શાળાઓમાં મ.શિ.ની
ભરતી પસંદગી સમિતિ) અને
નાયબ કમિશ્નર, આદિજાતિ વિકાસ
ગુજરાત રાજય, ગાંધીનગર

ADVERTISE-2015